ગાંધીનગર સમાચાર


## હરિની દૃષ્ટિ...




આના ક્લાસમાં ગરબા શીખવા ગયો હતો... દોઢીયું બરાબર શીખવ્યું અને પોપટીયું શીખવતા અડબડ્યું ખવડાવી દીધું...!!

# સ્પેશ્યલ ચાઈલ્ડ હોમમાં જ વૃક્ષો ભયજનક સ્થિતિમાં

## સે-૧૯ સ્થિત સેન્ટરમાં સુકાયેલા વૃક્ષોની ડાળીઓ ગમે ત્યારે અકસ્માતનુ કારણ બને તેમ છે

ગાંધીનગર તા ૨૫

ગાંધીનગર શહેરમાં વન વિભાગની બેદરકારીના કારણે નમી પડેલા વૃક્ષો હજુ પણ ભયજનક હાલતમાં જોવા મળી રહયા છે. શહેરના મુખ્ય માર્ગો આસપાસ પણ જોખમી વૃક્ષોની સંખ્યા વિશેષ છે. ત્યારે સે- ૧૯માં સ્થિત સ્પેશ્યલ ચાઈલ્ડ હૉમના સંકુલમાં પણ સુકાયેલા વૃક્ષની ડાળીઓ ગમે ત્યારે નિર્દોષ બાળકોનો ભોગ લે તેવી દહેશત છે.

ગ્રીન સીટી તરીકે ઓળખાતા શહેરમાં નજર નાંખો ત્યાં વૃક્ષો જોવા મળે છે. પરંતુ વન વિભાગની બેદરકારીના લીધે નવા વૃક્ષો ઉછેરવાનુ કામ અસરકારક રીતે ન થઈ શકતુ હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. જયારે ભેદી રીતે થતી વૃક્ષ છેદનની પ્રવૃતિ પણ અટકાવવા કોઈ ખાસ પગલા લઈ શકાયા નથી શહેરમાં ઘણાં ઠેકાણે વન વિભાગ દ્વારા વાવેતર કરાયેલા રોપાઓનુ જાળવણીના અભાવે બાળ મરણ થયુ છે. જયારે કેટલાક ઠેકાણે નમી પડેલા વૃક્ષો ભયજનક હાલતમાં છે. ગત તોફાની વરસાદના અંતે જોખમી વૃક્ષોની સંખ્યા વધી ગઈ છે. સેકટરોના આંતરિક વિસ્તારોમાં તેમજ મુખ્ય માર્ગો આસપાસ પણ નમી પડેલા વૃક્ષો ગમે ત્યારે અકસ્માતનુ કારણ બને તેમ છે. સેકટરોના આંતરિક માર્ગો આસપાસ સ્થિત વૃક્ષોનુ પણ તંત્ર દ્વારા ટ્રીમીંગ કરવામાં આવ્યુ નથી. સે- ૧૯ માં એચ આઈ વી પીડીત બાળકોના રહેઠાંણ સંકુલમાં પણ સુકાયેલુ વૃક્ષ ભયજનક હાલતમાં છે. સંકુલમાં આ વૃક્ષ ગમે ત્યારે બાળકો માટે જોખમી પુરવાર થાય તેમ છે. વૃક્ષની નમી પેડલી ડાળી ગમે તે ક્ષણે જમીનદોસ્ત થાય તેવી સ્થિતિ છે. એકબાજુ વન વિભાગ દ્વારા આવા વૃક્ષોને દુર કરવા અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હોવાનુ જણાંય છે. ત્યારે શહેરના વી આઈ પી વિસ્તારમાં સ્થિત આ સેન્ટરમાં વૃક્ષોની જોખમી હાલત જાનલેવા પુરવાર થાય તેમ છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

## ખૂણે ખાંચરેથી...

● આઈ એ મ એ ગાંધીનગર શાખાની આજે જનરલ બોર્ડ મિટીંગમાં નવા વર્ષના સૂત્રધારો નિયત થશે. ચૂંટણી અધિકારી તરીકે ડૉ. પિયુષ દવે સેવાઓ આપી રહ્યા છે.

● ગાંધીનગર સેંટ ઝેવિયર્સની ૧૯૭૫ની બેચમાં ભણેલા વિદ્યાર્થી ડૉ. ઉમેશ શાહ (સ્કીન સ્પેશ્યાલીસ્ટ) વડોદરાના એસ.એસ.જી. હોસ્પિટલના હોલમાં સ્કીન બેંક અને નેત્રદાનની પ્રવૃત્તિને પ્રોત્સાહીત કરવા ૧૪મો સ્ટેજ શૉ હેમંતકુમારના ગીતો પર કરશે.

● ગુજરાત યુનિ.ના નોર્થઝોનનો યુવક મહોત્સવ સંપન્ન થયો. ગાંધીનગરની વિવિધ કોલેજોના ૧૨થી વધુ સ્પર્ધકોએ ઝોન સ્પર્ધામાં શ્રેષ્ઠ દેખાવ કરી પારિતોષિક મેળવ્યા હતા.

● ધો. ૧૧ની પરીક્ષાની જેમ યુનિ.ના સેમેસ્ટરની પરીક્ષા પણ ઓક્ટો.ના અંતમાં લેવાશે. કાર્યક્રમ જાહેર થઈ ચુક્યો છે.

● ગાંધીનગર મેડીકલ કોલેજનું આ વર્ષે પણ યુનિ.માં સારૂ પરિણામ આવતાં કોલેજમાં ખુશાલીનો માહોલ છવાયો છે.

● ગુજરાત યુનિ.ની ઈન્ટરઝોન યુવક મહોત્સવની સ્પર્ધાઓ ૨-૩ ઓક્ટો.ના રોજ અમદાવાદ ખાતે યોજાશે.

# ઓક્ટોબરના પહેલા સપ્તાહમાં ગાજવીજ સાથે વરસાદની શક્યતા : અંબારામ પટેલ

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાતના તટીય પ્રદેશો સહિત ઘણા ભાગોમાં તા. ૩ થી ૧૦મી ઓક્ટોબર સુધીમાં ગાજવીજ, પવન સાથે વરસાદની શક્યતા હોવાનું ગાંધીનગરના હવામાન શાસ્ત્રી અંબારામ પટેલનું અનુમાન છે. તેમના કહેવા મુજબ મોડે મોડે પણ ગુજરાત-સૌરાષ્ટ્રના ભાગોમાં વરસાદ આવતા ઉભા કૃષિ મોલમાં રાહત થવા પામી હતી. જો કે રાજ્યના કેટલાક ભાગોમાં વરસાદ અપુરતો હોવાના એંધાણ જાણવા મળેલ છે. ભૌગોલિક બાબતો તેમજ અન્ય આધારે જોતા આગામી દિવસોમાં દરિયા કિનારે પવન ફુંકાવાની વકી સાથે હાથિયો ગાજવીજ સાથે વરસવાની વકી રહેશે. સપ્ટેમ્બર તા. ૨૭થી સૂર્ય હસ્ત નક્ષત્રમાં આવશે. તા. ૨૭થી ૩૦માં દરિયામાં ઉંચા મોજા ઉછળવા સાથે તા. ૩૦થી સાગરકાંઠે હવાના હળવા દબાણ ઉભા થવાની વકી રહેશે. દરિયાકિનારાના ભાગોમાં ભારે પવન સાથે વરસાદ થવાના યોગ છે. કેરળ, ચેન્નઈ, ઓરિસ્સા, મહારાષ્ટ્રના ભાગો, આસામ, બંગાળના ભાગોમાં ભારે વરસાદ થવાની વકી રહેશે. સાગરમાં ઊંચા મોજા ઉછળે તેમજ દેશના પશ્ચિમ કાંઠે પણ પવનનું જોર રહે. હાલમાં જમ્મુ-કાશ્મીર, પંજાબ તેમજ રાજસ્થાનના ભાગોમાં વરસાદ થવાની વકી રહેશે.

હજુ વ્હૂર પવન થતો ના જણાતા ગુજરાત-સૌરાષ્ટ્રમાં પણ વરસાદ થવાની વકી રહેશે. તા. ૩ થી ૧૦ ઓક્ટોબરમાં ગુજરાત-સૌરાષ્ટ્રના ઘણા ભાગોમાં ગાજવીજ સાથે વરસાદ પડે તેવા યોગો છે. જ્યારે તટીય ભાગોમાં ભારે પવન ફૂંકાય. વરસાદ ઉત્તર, મધ્ય દક્ષિણ ગુજરાતના ભાગોમાં પણ આવી શકે. પર્વતાકાર મેઘ જ્યાં ચઢે ત્યાં વરસી શકે.

# આજે રોટરી ક્લબની બેઠકમાં વિદેશ વસવાટના અનુભવો વર્ણવાશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરની રોટરી ક્લબ દ્વારા યુથ એક્સચેન્જ પ્રોગ્રામ હેઠળ વિદેશ ગયેલા યુવાનોના અનુભવોનું એક પ્રેઝન્ટેશન સાપ્તાહિક બેઠકમાં પ્રદર્શિત કરવામાં આવનાર છે.

આ સાપ્તાહિક બેઠક તા. ૨૬મી સપ્ટેમ્બર શનિવારે રાત્રે ૮.૩૦ કલાકે સે. ૨૨ના ફિઝીયોથેરેપી સેન્ટર ખાતે યોજાશે. ગત વર્ષ દરમ્યાન જર્મની ખાતે રહી આવનાર સત પટેલ તથા ક્રિશ્ના પટેલ અને ડેન્માર્ક ખાતે રહી આવનાર વત્સલ પટેલ તથા પૂજા પટેલ દ્વારા તેમના વિદેશ વસવાટના અનુભવો આ પ્રેઝન્ટેશન દ્વારા વર્ણવશે. આ કાર્યક્રમમાં યુથ એક્સચેન્જ પ્રોગ્રામના ચેરમેન ભાનુ ગુપ્તા પણ ઉપસ્થિત રહેશે.

# નેશનલ કેમીકલ લેબોરેટરી સાથે પીડીપીયુના સંશોધન માટે એમઓયુ

## પંડિત દીનદયાલ મેમોરીયલ લેક્ચર સંદર્ભે જાણીતા વૈજ્ઞાનિક ડૉ. માશેલકરે 'નાવિન્યસભર ભારત' વિષયે પ્રવચન આપ્યું

ગાંધીનગર, તા. ૨૫

પીડીપીયુ ખાતે યોજાયેલ ફ્ટી પંડિત દિનદયાલ મેમોરીયલ વ્યાખ્યાનમાળા પ્રસંગે ભારતના જાણીતા વૈજ્ઞાનિક અને સંશોધક ડૉ. આર.એ. માશેલકર ઉપસ્થિત રહ્યા હતા. તેમની તથા અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં પીડીપીયુએ નેશનલ કેમીકલ લેબોરેટરી જેવી નામાંકિત સંસ્થા સાથે સંશોધન સંદર્ભે એમઓયુ કર્યા છે.

ડૉ. માશેલકરને સાંભળવા માટે વિવિધ ક્ષેત્રોના મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ ભારતમાં વિવિધ ક્ષેત્રોમાં રહેલી તકો અને તેના ઉજાગર કરવાના પ્રયાસો સંદર્ભે વિગતવાર માહિતી આપી હતી. વિકાસને વેગવાન અને સ્પર્ધાત્મક બનાવવા માટે નાવિન્યસભર વિચારો જરૂરી તેના પર ભાર મુક્યો હતો. ભારતમાં થયેલા આવિષ્કારો, સંશોધનો વિશે તથા તે માટે વ્યક્તિવિશેષ અને સંસ્થાઓ દ્વારા કરવામાં આવી રહેલા વિશેષ પ્રયાસોની માહિતી તેમણે આપી હતી. ભારતમાં વિકાસ અને નવા સંશોધનો માટે રહેલી તકોની પણ તેઓએ છણાવટ કરી હતી. નવા સંશોધનો માત્ર ટેકનોલોજીને જ સહાય નથી કરતાં પરંતુ સામાજિક, આર્થિક, પુરવઠા અને બિઝનેસના અલગ અલગ આયોજનોને અસરકર્તા રહે છે.




આ અવસરે નેશનલ કેમીકલ લેબોરેટરી સાથે પીડીપીયુએ કરેલા કરારને તેમણે આવકાર્યો હતો. અવસરે પીડીપીયુના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# વિકલાંગ બાળક શાળાઓમાં શિક્ષકોને વેતનમાં ભેદભાવ

વિકલાંગ બાળકોની ખાસ શાળાઓમાં ફરજ બજાવતા શિક્ષકોની કે ગૃહમાતાની ખાલી પડેલી જગ્યાઓને ભરવા માટે કવાયત હાથધરવામાં આવી છે. જો કે ભરતી ૧૧ મહિનાનાં કરારથી અને રૂપિયા ૩૮૦૦થી ૫૩૦૦નાં ફિક્સ માનદ વેતનથી ભરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જો કે, આ વેતન અન્ય શિક્ષકોની તુલનામાં ઓછુ હોવાથી વિવાદ સર્જાવા પામ્યો છે.

# સરકારના ખાસ પેકેજની હોળીના મેસેજે પોલીસને દોડાવી

## માણસા પોલીસને સવારે મેસેજ મળ્યો હતો : મોડી સાંજ સુધી ક્યાંય કાર્યક્રમ ન થયો..!

ગાંધીનગર, તા. ૨૫

માણસા પોલીસને આજે સવારે એક ટેલીફોનીક મેસેજ મળ્યો કે મુખ્યમંત્રીએ જાહેર કરેલા ખાસ પેકેજની માણસા વિસ્તારમાં કેટલાક લોકો હોળી કરવાના છે. આ મેસેજ માણસા પોલીસને દિવસભર દોડાવી હતી. જો કે મોડી સાંજ સુધી આખા વિસ્તારમાં ક્યાંય પેકેજના કાગળોની હોળી થવા પામી ન હતી.

રાજયના મુખ્યમંત્રીએ મુખ્યમંત્રી યુવા સ્વાવલંબી યોજના અંતર્ગત સવર્ણો માટે જાહેર કરેલા આર્થિક પેકેજને કેટલાકે વધામણા કર્યા છે તો કેટલાક હજુ પણ તેનો વિરોધ કરીને લોલીપોપ વિતરણ જેવા કાર્યક્રમો કરી રહ્યા છે. દરમ્યાન આજે સવારે માણસા પોલીસ સ્ટેશનમાં ટેલીફોનીક મેસેજ આવ્યો કે માણસામાં કેટલાક તત્વો મુખ્યમંત્રીએ જાહેર કરેલા આર્થિક પેકેજના કાગળોની હોળી કરી વિશેષ પ્રદર્શન કરવાના છે. જેને પગલે માણસા પોલીસ સવારથી દોડતી થઈ ગઈ હતી. મોડી સાંજ સુધી વિવિધ વિસ્તારોમાં પોલીસે પેટ્રોલીંગ રાખ્યું હતું. જો કે આ કાર્યક્રમ થયો જ નહતો. પોલીસ પણ વિચારતી રહી ગઈ કે કોઈએ ફેઈક મેસેજ કન્વે કર્યો હતો કે પોલીસ એક્ટીવ થતા કાર્યક્રમ રદ કરવામાં આવ્યા હતા..!

# ડુંગળીનો ભાવ હજુ પણ આસમાને

ગાંધીનગર, તા. ૨૫

છેલ્લા ત્રણ મહિનાથી વધી રહેલો ડુંગળીનો ભાવ હજુ સુધી નીચે ન આવતા નગરજનો ચિંતિત બન્યા છે. રસોડામાં મોટાભાગની બનતી રસોઈમાં ડુંગળીનો ઉપયોગ સવિશેષ થાય છે. ત્યારે ડુંગળીના આસમાનને આંબતા ભાવ જોઈ ગૃહિણીઓ ડુંગળી ખરીદવાનું ટાળી રહી છે. શહેરની હોટલો, રેસ્ટોરન્ટ તેમજ ખાણીપાણી લારીઓમાંથી પણ ઘણા સમયથી ડુંગળી અદશ્ય થઈ જવા પામી છે. ડુંગળીના ભાવ ઝડપથી નીચા આવે તેવું નગરજનો ઈચ્છી રહ્યા છે.



રાજ્યભરમાં ડુંગળીનો ભાવ સતત આસમાનને આંબતો જાય છે. ડુંગળીની ઓછી આવકને પગલે ભાવ દિન-પ્રતિદિન ઘટવાને બદલે વધી રહ્યા છે. અત્યારે હાલના સમયે દેશી ડુંગળી ૯૦૦ રૂપિયે મણના ભાવે તેમજ અન્ય ડુંગળી ૧૧૦૦ રૂપિયે મણના ભાવે હોલસેલ માર્કેટમાં વેચાય છે. જ્યારે રીટેલમાં ડુંગળીનો ભાવ કિલોના ૬૫ થી ૭૦ રૂપિયે માર્કેટમાં છે. મોટાભાગે ડુંગળી મહારાષ્ટ્રના નાસિક તેમજ રાજ્યના સૌરાષ્ટ્રમાં ડુંગળીનું ઉત્પાદન થાય છે. પરંતુ ઓછી આવક હોવાના પગલે ગરીબોની કસ્તુરીનો ભાવ ઉંચકાયો છે. શ્રમિક પરિવારની કસ્તુરી અત્યારે મોંઘી બનતા શહેરીજનોને ખરીદતા વખતે વિચાર કરવો પડે છે. જ્યારે શાકમાર્કેટમાં ડુંગળીનો ભાવ સાંભળી ગૃહિણીઓ ખરીદવાનું ટાળી રહી છે. જોકે રસોડામાં વિવિધ વાનગીમાં થતી વિશેષ રસોઈમાંથી ડુંગળી ગાયબ થતાં રસોઈનો સ્વાદમાં પણ હવે ચસ્કો લાગતો નથી. જ્યારે હોટલ, રેસ્ટોરન્ટ સહિત ખાણીપીણી બજારના સલાડમાંથી ગાયબ થયેલી ડુંગળી ક્યારે પાછી ફરશે... મોંઘી ડુંગળીના કારણે નગરજનો ચિંતિત બન્યા છે. ત્યારે વધુ પડતા ભાવને પરિણામે ગૃહિણીઓનું બજેટ ખોરવાયું છે.

# ભાજપના ૪૦૦ કાર્યકરો કોંગ્રેસમાં જોડાયા

## ગાંધીનગરના બ્રિજેશ મેરજા પુનઃ કોંગ્રેસમાં જોડાતા સમગ્ર વિસ્તારમાં આવકાર

ગાંધીનગર, તા. ૨૫

સૌરાષ્ટ્ર-મોરબીના અગ્રણી ખેડૂત આગેવાન બ્રિજેશભાઈ મેરજા સહિત ૪૦૦થી વધુ કાર્યકરો ભાજપ સાથે છેડો ફાડીને કોંગ્રેસ પક્ષમાં વિધિવત રીતે રાજીવ ગાંધી ભવન ખાતે જોડાયા હતા. ૪૦૦થી વધુ કાર્યકરો આગેવાનોને કોંગ્રેસ પક્ષનો ખેસ પહેરાવીને આવકારતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, આગામી સ્થાનિક સ્વરાજની ચુંટણીઓમાં પ્રજા અને ખેડૂતોના પ્રશ્નો, કાયદો વ્યવસ્થા અને ભાજપ સરકારના ભ્રષ્ટાચારથી ત્રસ્ત નાગરિકોને ન્યાય મળે તે માટે કોંગ્રેસ પક્ષ માધ્યમ બનશે. સૌરાષ્ટ્રમાં સારી કામગીરી કરશે તેવી આશા છે.

સૌરાષ્ટ્રના અનેક જિલ્લાઓમાં કુદરતી પ્રકોપના પગલે અતિવૃષ્ટિનો સામનો કરવો પડ્યો છે અને ખેડૂતો નિરાધાર બન્યા છે. ભાજપ સરકાર તમામ મોરચે નિષ્ફળ ગઈ છે. વિજળી અને સિંચાઈના પાણી વિના ખેડૂતો હેરાન-પરેશાન છે, ખેત પેદાશોના યોગ્ય ભાવો મળતા નથી. બિયારણ અને ખાતરના કાળા બજાર થાય છે. ખેડૂત વિરોધી ભાજપ સરકાર ખેડૂતોની જમીન ખૂંચવી લેવા માંગે છે. કોંગ્રેસના જોડાયેલા બ્રિજેશ મેરજાએ જણાવ્યું હતું કે, અમે સૌ ખેડૂતોના પ્રશ્નોને લઈ ભાજપ સરકાર અણઘડ નિતીને ખુલ્લી પાડીશું અને કોંગ્રેસને મજબૂત કરવા માટે તનતોડ પ્રયાસ કરીશું. મોરબી જિલ્લાના અગ્રણી બ્રિજેશ મેરજા અને તેમની સાથેના કાર્યકરો કોંગ્રેસ પક્ષમાં જોડાયા આ પ્રસંગે વરિષ્ઠ નેતા શક્તિસિંહ ગોહિલ, પ્રદેશ કોંગ્રેસ ઉપપ્રમુખો રાઘવજીભાઈ પટેલ, નિશિત વ્યાસ, ડો.મનીષ દોશી, મહેશ રાજપૂત સહિતના અગ્રણીઓ હાજર રહ્યા હતા. અતિવૃષ્ટિમાં ભોગ બનેલ ઉત્તર ગુજરાતમાં નાગરિકોને સહાય કરવામાં નિષ્ફળ ભાજપ સરકાર સામે પ્રજાનો આક્રોશ વધી રહ્યો છે ત્યારે પાટણ જિલ્લાના રાધનપુર-સાંતલપુર તાલુકાના મિરાતી ઠાકોર સમાજના પ્રમુખ આરકે ઠાકોર અને તેમના સાથીદારોએ ભાજપ સાથે છેડો ફાડીને કોંગ્રેસ પક્ષમાં જોડાયા છે. મિરાતી ઠાકોર સમાજ રાધનપુર-સાંતલપુર સહિત કચ્છ જિલ્લામાં પણ અનેક પરિવારો વસવાટ કરે છે ત્યારે મિરાતી ઠાકોર સમાજના આગેવાનોને કોંગ્રેસ પક્ષનો ખેસ પહેરાવીને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકીએ આવકાર્યા હતા. મિરાતી ઠાકોર સમાજ સાથે પાટણ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ કાનજી દેસાઈ અને પ્રદેશ આગેવાન લાખાભાઈ ભરવાડ, રઘુભાઈ દેસાઈ સહિત ઉપસ્થિત રહ્યા હતા.

# આસારામ કેસ : બે શાર્પ શુટરોની વ્યાપક શોધખોળ

ગાંધીનગર, તા. ૨૫

આસારામ અને નારાયણ સાંઈ બળાત્કાર કેસમાં સાક્ષીઓ ઉપર જીવલેણ હુમલા અને હત્યા કેસના સંદર્ભમાં સંડોવાયેલા માસ્ટર માઈન્ડ બસવરાજ અને તેની પત્નિ સેજલની ધરપકડ કરવામાં આવ્યા બાદ અમદાવાદ ક્રાઈમબ્રાંચના અધિકારીઓ હવે વધારે સક્રિય થઈ ગયા છે અને શાર્પ શુટરોની શોધખોળ હાથ ધરવામાં આવી છે. જાતે બની બેઠેલે ગોડમેન આસારામના કટ્ટર સાધકો અને શાર્પ શુટરો અંકિત અને કાર્તિકની શોધખોળ હાથ ધરવામાં આવી છે. ક્રાઈમબ્રાંચના સુત્રોનું કહેવું છે કે, સંજય દિલ્હીવાલાની પણ શોધખોળ ચાલી રહી છે. કારણકે, તે અને બસવરાજે હરિયાણામાં પાનીપતમાં ચાવીરૂપ સાક્ષી મહેન્દ્ર ચાવલાની રેકી પણ કરી હતી. ચાવલા ઉપર જીવલેણ હુમલો હુમલાખોરો દ્વારા કરાયો હતો. જોકે ચાવલા બચી જવામાં સફળ રહ્યો હતો.

ક્રાઈમબ્રાંચના સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે, અંકિત અને કાર્તિક ક્યાં છે તે અંગે કેટલીક કડીઓ હાથ લાગી છે. આ બન્ને એક વખતે અમદાવાદ અને સુરતમાં આસારામ અને નારાયણ સાંઈના આશ્રમમાં કામ કરી ચુક્યા છે. ક્રાઈમબ્રાંચના અધિકારીઓનું કહેવું છે કે તેઓએ આ બન્ને શાર્પ શુટરોને પકડી પાડવા રાજ્યની બહાર ત્રણ જુદા જુદા સ્થળો ઉપર ટીમ મોકલી દીધી છે. દિલ્હી, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ અને મહારાષ્ટ્રની પોલીસ સાથે પણ ટીમ સક્રિય છે. તેમને પકડી પાડવાના પ્રયાસ ચાલી રહ્યા છે. ટૂંક સમયમાં જ તેમની ધરપકડ કરી લેવામાં આવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. ક્રાઈમબ્રાંચના સુત્રોનું કહેવું છે કે, તપાસ દરમિયાન એવું જાણવા મળ્યું છે કે, સેજલ પણ બળાત્કાર કેસોમાં સાક્ષીઓ ઉપર હુમલાની યોજના ઘડી કાઢવા અને અંજામ આપવામાં સક્રિય રીતે સામેલ રહી હતી. ક્રાઈમબ્રાંચના અધિકારીઓએ હાલમાં જ શનિવારના દિવસે બેંગ્લોરમાંથી બસવરાજ અને તેની પત્નિ સેજલને પકડી પાડી હતી. તેમને સોમવારે સવારે અમદાવાદ લાવવામાં આવ્યા હતા.

# રાજ્યમાં સ્વાઈન ફ્લુના ૧૬ નવા કેસ

## પહેલી ઓગસ્ટ બાદથી રાજ્યમાં સ્વાઈન ફ્લુના પરિણામે ૩૫ લોકોના મોત : ૧૧૦થી વધુ લોકો સારવાર હેઠળ છે

ગાંધીનગર,તા.૨૫

ગાંધીનગર - અમદાવાદ સહિત રાજ્યના જુદા-જુદા ભાગોમાં સ્વાઈન ફ્લુના આજે ૧૬ નવા કેસ સપાટી પર આવતા ખળભળાટ મચી ગયો હતો. સ્વાઈન ફ્લુથી મોતનો આંકડો પણ ૩૫ ઉપર પહોંચ્યો છે. ૧૧૦થી વધુ લોકો હજુ સારવાર હેઠળ છે. સારવાર હેઠળ રહેલા લોકોની સંખ્યા પણ સેંકડોમાં હોવાથી સ્થિતિમાં હાલમાં સુધારો થાય તેવા કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. આજે જે ૧૬ નવા કેસો સપાટી પર આવ્યા હતા તેમાં સુરતમાં ૫ અને રાજકોટમાં ૪ કેસનો સમાવેશ થાય છે. સ્વાઈન ફ્લુને રોકવા માટે તંત્ર દ્વારા વિવિધ પગલા લેવાઈ રહ્યા હોવા છતાં સ્થિતિ બેકાબુ બનેલી છે. સ્વાઈન ફ્લુથી બચવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અને સંબંધિત વિભાગ દ્વારા તમામ પગલા લેવાઈ રહ્યા હોવા છતાં સ્થિતિ બગડે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. પ્રાપ્ત અહેવાલ મુજબ આજે એક જ દિવસમાં રાજ્યના જુદા-જુદા ભાગોમાં સ્વાઈન ફ્લુના વધુ ૧૬ નવા કેસો સપાટી પર આવ્યા હતા.એકલા સુરતમાં સ્વાઈન ફ્લુના નવા ૫ કેસ નોંધાઈ ગયા હતા. જ્યારે રાજકોટમાં અન્ય ૪ કેસ નોંધાયા હતા. વહિવટીતંત્ર દ્વારા સાવચેતીના તમામ પગલા લેવાઈ રહ્યા હોવા છતાં સ્વાઈન ફ્લુના લક્ષણો ધરાવતા દર્દીઓ હોસ્પિટલમાં સતત પહોંચી રહ્યા છે. જેમાં સરકારી અને ખાનગી હોસ્પિટલોનો સમાવેશ થાય છે. પહેલી ઓગસ્ટ બાદથી સ્વાઈન ફ્લુના આંકડા ઉપર નજર કરવામાં આવે તો ચિંતાજનક ચિત્ર સપાટી પર આવે છે. પહેલી ઓગસ્ટ બાદથી સ્વાઈન ફ્લુના રાજ્યભરમાં ૩૦૧ કેસ સપાટી પર આવી ચુક્યા છે. જે પૈકી ૧૫૬ લોકો સારવાર બાદ હવે સાજા થઈ ચુક્યા છે. હજુ પણ રાજ્યના વિવિધ ભાગોમાં સ્વાઈન ફ્લુથી અસરગ્રસ્ત દર્દીઓની સંખ્યા ૧૧૦ નોંધાઈ છે. આ તમામ લોકો સારવાર હેઠળ છે. તેમની સ્થિતિ સુધારા પર છે.


## ટેન્ડર નોટીસ

**ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી (જેડા)માં મેન પાવર આઉટ સોર્સીંગ ધોરણે મેળવવા અંગેની ટેન્ડર નોટીસ**

ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી (જેડા) મેન પાવર આઉટ સોર્સિંગ ધોરણે પુરી પાડવા માટે રસ ધરાવતી તેમજ નિયત લાયકાત ધરાવતી એજન્સીઓ પાસેતી ટેન્ડર આમંત્રિત કરે છે.

ઉપર્યુક્ત સેવાઓ પુરી પાડવા અંગેના ટેન્ડર ડૉક્યુમેન્ટ તા. ૨૯/૯/૨૦૧૫થી ૧૫/૧૦/૨૦૧૫ સુધી રોકડ અથવા ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા રૂ. ૫૦૦/- (પરત નહીં કરવાપાત્ર) ચુકવીને કચેરીનાસરનામેથી કચેરી સમય બપોરના ૧૨થી સાંજના ૪ કલાક દરમિયાન મેળવી લેવાના રહેશે. આ અંગેનો ડીમાન્ડ ડ્રાફ્ટ ગુજરાત ઊર્જા વિકાસ એજન્સીના નામે ગાંધીનગર ખાતે ચુકવવા પાત્ર હોવા જરૂરી છે. સંપૂર્ણ ભરેલા, સહી અને યોગ્ય રીતે સિક્કા સહિતના ટેન્ડર ફોર્મ તા. ૧૭/૧૦/૨૦૧૫ સાંજના ૪ કલાક સુધી કચેરી ખાતે સ્વીકારવામાં આવશે. ટેન્ડર ભરનાર તમામ એજન્સીએ બીડ સાથે રૂ. ૧૦,૦૦૦.૦૦ (અંકે રૂપિયા દસ હજાર પુરા) ઈ.એમ.ડી. પેટે ગુજરાત ઊર્જા વિકાસ એજન્સીના નામે ગાંધીનગર ખાતે ચુકવવા પાત્ર ડિમાન્ડ ડ્રાફ્ટથી જમા કરાવવાના રહેસે. ટેકનીકલ તથા નાણાંકીય બીડ તા. ૧૯/૧૦/૨૦૧૫ના રોજ બપોરે ૩ કલાકે ખોલવામાં આવશે.

**કોઈપણ કારણ જણાવ્યા સિવાય ટેન્ડર રદ કરવાનો અધિકાર નિયામકશ્રી જેડાને રહેશે.**

**ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી (જેડા)**
બ્લોક નં. ૧૧-૧૨ ઉદ્યોગ ભવન, ચોથો માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર -૩૮૨૦૧૭
ફોન : ૦૭૯-૨૩૨-૫૭૨૫૧-૫૩, ફેક્સ : ૦૭૯-૨૩૨૪૭૦૯૭, ૫૭૨૫૫
ઈ-મેઈલ : director@geda.org.in વેબસાઈટ : wwww.geda.gujarat.gov.in